સંક્ષિપ્ત સમાચાર

ઝાલોદના સામાજિક કાર્યકરે ૧૧૨ 'જનરક્ષક' ટીમ સાથે રક્ષાબંધનની ઉજવણી કરી

સુખસર : ભાઈ-બહેનના પવિત્ર પ્રેમ,અતૂટ વિશ્વાસ અને લાગણીના બંધનને ઉજવતો પાવન પર્વ એટલે રક્ષાબંધન.આ નિમિત્તે ઝાલોદના જાણીતા સામાજિક કાર્યકર નીલમબેન વસૈયા દ્વારા સુખસર ખાતે ૧૧૨ 'જનરક્ષક' (ઈમરજન્સી સેવાની) ટીમ સાથે હર્ષોલ્લાસપૂર્વક રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી.દિન-રાત જનતાની સુરક્ષા અને સેવા માટે તૈનાત રહેતા ૧૧૨ 'જનરક્ષક' ટીમના કર્મચારીઓને નીલમબેન વસૈયાએ રાખડી બાંધીને તેમના દીર્ઘાયુ અને ઉત્તમ સ્વાસ્થ્ય માટે શુભેચ્છા પાઠવી હતી. પોતાના ઘર અને પરિવારથી દૂર રહીને સમાજની રક્ષા કરતા સુરક્ષાકર્મીઓ પ્રત્યે કૃતજ્ઞતા અને લાગણી વ્યક્ત કરવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ૧૧૨ જનરક્ષક ટીમના જવાનોએ પણ નીલમબેનનો આભાર માન્યો હતો .

દાહોદ જિલ્લામાં રક્ષાબંધનની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી

દાહોદ : ભાઈ-બહેનના પવિત્ર પ્રેમ અને રક્ષણના પ્રતીક સમાન રક્ષાબંધન પર્વની આજે સમગ્ર દાહોદ જિલ્લામાં ધામધૂમથી અને લાગણીસભર માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. આ પવિત્ર દિવસે સવારથી જ ઘરોમાં ઉત્સવનો માહોલ જોવા મળ્યો હતો, જ્યાં બહેનોએ પરંપરાગત રીતે પૂજાની થાળી સજાવી ભાઈઓના લલાટે કુમકુમતિલક કરી, કાંડે રેશમી રક્ષાસૂત્ર બાંધી તેમના દીર્ઘાયુ અને ઉજ્જવળ ભવિષ્યની પ્રભુ પાસે મંગળકામના કરી હતી.આપ્રસંગે ભાઈઓએ પણ પોતાની બહેનોને યથાશક્તિ ભેટ-સોગાદો આપી જીવનભર તેમની રક્ષા કરવાનું વચન આપ્યું હતું. દાહોદ શહેર સહિત ઝાલોદ, ગરબાડા, દેવગઢબારિયા, લીમખેડા, ધાનપુર, સંજેલી અને ફતેપુરા તાલુકાના તમામ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. તહેવારને પગલે રાખડી અને મીઠાઈના બજારોમાં ભારે ચહલપહલ રહી હતી, તેમજ એસ.ટી. બસો અને માર્ગો પર પણ મુસાફરોની ધમધમાટ જોવા મળ્યો હતો.સામાજિક સમરસતાના ભાગરૂપે વિવિધ સંસ્થાઓ દ્વારા સુરક્ષા કર્મચારીઓ, પોલીસ જવાનો અને સેવા આપતા કર્મચારીઓને પણ રાખડી બાંધી તેમના કાર્યને બિરદાવવામાં આવ્યું હતું. રક્ષાબંધનના આ પવિત્ર તહેવારે સમગ્ર જિલ્લામાં પ્રેમ, સ્નેહ અને પારિવારિક એકતાનો અનોખો સંગમ સર્જયો હતો.

સુખસર તાલુકાના નાની ઢઢેલી પ્રાથમિક શાળામાં રક્ષાબંધનની ઉજવણી કરાઈ

સુખસર : સુખસર-તારીખ27/08/2026 ના રોજ નાનીઢઢેલી મુખ્ય પ્રાથમિક શાળા ખાતે રક્ષાબંધન પર્વ ની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં આચાર્ય તેમજ સમગ્ર સ્ટાફગણની ઉપસ્થિતિ માં રક્ષાબંધનના પર્વનું મહત્વ શાળા ના શિક્ષક મુકેશભાઈ પીઠાયા દ્વારા સમજાવવામાં આવ્યું હતું.ત્યાર બાદ શાળામાં અભ્યાસ કરતા ભાઈ બહેનોએ એકબીજાને રક્ષા બાંધી પ્રસાદ વહેંચી શાળાના શિક્ષક સ્ટાફ ગણ સાથે ઉત્સાહભેર ઉજવણી કરી હતી.

આફવા તાલુકા પંચાયત સભ્ય દ્વારા વિવિધ શાળાઓમાં રક્ષાબંધનની ઉજવણી કરાઈ

સુખસર : સુખસર-તારીખ 27/08/2026 ના રોજ આફવા તાલુકા પંચાયત સભ્ય અને સુખસર તાલુકા પંચાયત સામાજીક અને ન્યાય સમિતિના ચેરમેન શ્રીમતી સીતાબેન લક્ષ્મણભાઇ પીઠાયા તાલુકા પંચાયત આફવા તરફથી આફવા મુખ્ય પ્રાથમિક શાળા,આફવા મુવાડી ફળિયા વર્ગ પ્રાથમિક શાળા,વળવાઈ ફળિયા વર્ગ પ્રાથમિક શાળા આફવા,કાચલા ફળિયા વર્ગ પ્રાથમિક શાળા હિંગલા,બાટીયા ફળિયા વર્ગ 2 પ્રાથમિક શાળા,બાટીયા ફળિયા વર્ગ 1 પ્રાથમિક શાળા હિંગલા અને મુખ્ય પ્રાથમિક શાળા ખાતે રક્ષાબંધન પર્વ ની બાળકો અને શાળાના શિક્ષક સ્ટાફ ગણ સાથે ઉજવણી કરવામાં આવી હતી.

ખંગેલા ચેકપોસ્ટ પરથી ૧૧ લાખની કિંમતના ૩૬૩ ગ્રામ ઉપરાંતના "મેફેડ્રોન ડ્રગ્સ" સાથે એક ઝડપાયો

દાહોદ જિલ્લામાં ડ્રગ્સ પેડલરો પણ સક્રિય

રાજસ્થાનનો ડ્રાયવર ગુજરાત પાસિંગની કારમાં ડ્રગ્સની હેરાફેરી કરતા ઝડપાઈ જતા પોલીસ તંત્રમાં પણ અચરજ

(પ્રતિનિધિ) દાહોદ તા.29

ગુજરાત ના પ્રવેશદ્વાર કહેવાતા દાહોદ મધ્ય પ્રદેશ અને રાજસ્થાન ની સરહદો સાથે સંકળાયેલા છે. આ સરહદી રાજ્યો માંથી બૂટલેગરો ગુજરાત મા વિદેશી શરાબ નો જંગી જથ્થો ઘુસાડવા માટે આતુર હોવાના અવાર નવાર કિસ્સાઓ બહાર તો આવતા જ રહે છે.પરંતુ દાહોદ ની સરહદો ને અડી ને આવેલા મધ્ય પ્રદેશ અને રાજસ્થાન માંથી ગુજરાત ના યુવાધન ને બરબાદ કરવા માટે પ્રતિબંધિત માદક દ્રવ્યો નો જથ્થો ઘુસાડવા માટે "ડ્રગ પેડેલરો" પણ સક્રીય બન્યા હોવાનુ કહેવાય છે. વાહનચેકિંગ દરમિયાન કાળા કલર ની આવેલ ગુજરાત પાર્સિંગ ની ક્રેટા કાર જી.જે.૨૭ સી.એમ.૮૪૯૩ને અટકાવી ને કાર ની અંદર ઝીણવટપ ર્વક તપાસ કરતા પ્લાસ્ટિક ની બે થેલીઓ મા પેક કરેલ અને યુવાધન મા "પાર્ટી ડ્રગ્સ" તરીકે પ્રચલીત અંદાઝે ૧૧ લાખ ની કિંમત નો ૩૬૩.૦૫૬ ગ્રામ પ્રતિબંધિત મેફેડ્રોન ડ્રગ્સ નો જથ્થો મળી આવતા દાહોદ પોલીસ તંત્ર નો કાફલો ચોકી ઉઠયો હતો.એટલા માટે કે ગુજરાત પાર્સિંગ ની આ વૈભવી કાર ના સહારે ગુજરાત મા પ્રતિબંધિત મેફેડ્રોન ડ્રગ્સ નો ઘુસાડવા જતા ખંગેલા ચેકપ પેસ્ટ ઉપર ઝડપાઈ ગયેલ કાર ચાલક ડ્રાયવર રાજસ્થાન ના બાસવાડા તાલુકા ના કુસલગઢ પાટી ગામ ના ઈંદ્રીશ સલીમ મકરાણી હોવાનુ બહાર આવ્યુ છે. દાહોદ તાલુકામાંથી પસાર થતી ખંગેલા ચેકપોસ્ટ પરથી કતવારા પોલીસે વાહન ચેકીંગ દરમ્યાન એક ફોર વ્હીલર ગાડીમાંથી મેફેડોન ડ્રગ્સનો રૂપીયા ૧૦,૯૦,૬૮૦નો મળી આવતાં પોલીસ બેડામાં સ્તબ્ધતા સાથે ચકચાર મચી જવા પામી છે.

પોલીસે આ બનાવમાં ગાડીના ચાલકની અટકાયત કરી ગાડીની કિંમત મળી કુલ રૂપીયા ૨૧,૦૦,૬૮૦નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે. ગુજરાતમાં વિદેશી દારૂની હેરાફેરી તેમજ ગેરકાયદેસર ચીજવસ્તુઓ ગુજરાતમાં ઘુસાડવા માટેનું ષડયંત્ર ચાલતું હોય છે. અને અવાર નવાર દાહોદ પોલીસ દ્વારા આવા ગુન્હાઓ નો પર્દાફાર્શ પણ કરતી આવી છે. મુખ્યત્વે મોટાભાગે મધ્યપ્રદેશ અને રાજસ્થાન રાજ્યો માધ્યમથી દાહોદ જિલ્લા મારફતે ગુજરાતમાં વિદેશી દારૂ ઘુસાડવાનું ષડયંત્ર ચાલતું હોય છે પરંતુ હવે ડ્રગ્સ જેવા માદક પદાર્થો ઘુસાડવાનો પણ પર્દાફાર્શ દાહોદની કતવારા પોલીસે કર્યો છે. જેમાં ગત તારીખ ૨૭મી ઓગષ્ટના રોજ કતવારા પોલીસે મધ્યપ્રદેશ રાજ્યને અડીને આવેલ ખંગેલા ચેકપોસ્ટ પર રાબેતા મુજબ નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતી હતી ત્યારે ત્યાંથી એક વૈભવી ફોર વ્હીલર ગાડી પસાર થતાં પોલીસે તેને પણ ઉભી રખાવી ગાડીના ચાલક ઈદ્રીસ સલીમ મકરાણી (રહે.રાજસ્થાન)ની પુછપ રછ કરતાં પોલીસને સંતોષકારક જવાબ મળ્યો ન હતો જેથી પ ોલીસે ફોર વ્હીલર ગાડીની તલાસી લેતાં શંકાસ્પદ પદાર્થ મળતાં તેને તપાસ અર્થે મોકલતાં મેફોડોન ડ્રગ્સ હોવાનું એફએસએલ રિપોર્ટમાં આવતાં પોલીસ ચોંકી ઉઠી હતી.

રોકડા રૂ.૧,૭૩૦ અને પાના-પત્તાના ૨ સેટ જપ્ત

મેહલોલમાં બેટરીના અજવાળે જુગાર રમતા ચાર શખસ ઝડપાયા

(પ્રતિનિધિ) કાલોલ તા.29

પોલીસ સ્ટેશન વિસ્તારમાં મેહલોલ ગામે નદીના કોતર પાસે ખુલ્લી જગ્યામાં બેટરીના અજવાળે પાના-પત્તા વડે હાર-જીતનો જુગાર રમતા ચાર ઈસમોને પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે સ્થળ પરથી રોકડ રકમ અને પાના-પત્તાના સેટ મળી કુલ રૂ.૧,૭૩૦નો મુદ્દામાલ કબજે કરી ચારેય સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, વેજલપુર પોલીસ મથકના એ.એસ.આઈ. પોતાની ટીમ સાથે રાત્રિના સમયે નાઈટ પેટ્રોલિંગમાં હતા. દરમિયાન ખાનગી રાહે બાતમી મળી હતી કે, મેહલોલ ગામના ઠાકોર ફળીયામાં કેટલાક ઈસમો એકઠા થઈ જુગાર રમી રહ્યા છે.

બાતમીના આધારે પોલીસે બે પંચોના માણસોને સાથે રાખી મેહલોલ ગામે નદીના કોતર પાસે આવેલી ખુલ્લી જગ્યામાં દરોડો પાડ્યો હતો. પોલીસની ટીમે સ્થળ પર પહોંચીને કાર્યવાહી કરતા જુગાર રમતા ઈસમોમાં ભાગદોડ મચી ગઈ હતી. કેટલાક ઈસમો અંધારાનો લાભ લઈ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા.

જોકે, પોલીસે ચાર ઈસમોને ઝડપી પાડવામાં સફળતા મેળવી હતી. પકડાયેલા આરોપીઓમાં જયપાલસિંહ રતનસિંહ ગોહીલ (ઉં.વ. ૩૨, રહે. ઠાકોર ફળીયું, મેહલોલ), પ્રદીપસિંહ રતનસિંહ ગોહીલ (ઉં.વ. ૩૦, રહે. ઠાકોર ફળીયું, મેહલોલ), મહેન્દ્રસિંહ વિજયસિંહ સોલંકી (ઉં.વ. ૪૨, રહે. કલાલ ફળીયું, મેહલોલ) અને યોગેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ વિરપુરા (ઉં.વ. ૪૦, રહે. ઠાકોર ફળીયું, મેહલોલ)નો સમાવેશ થાય છે. પોલીસે જુગારના દાવ પરથી રોકડા રૂ.૪૩૦ તથા પકડાયેલા ચારેય ઈસમોની અંગઝડતીમાંથી રોકડા રૂ.૧,૩૦૦ મળી કુલ રૂ.૧,૭૩૦ રોકડા અને પાના-પત્તાના બે સેટ કબજે કર્યા હતા. આ અંગે વેજલપુર પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ જુગાર અટકાયતી અધિનિયમની કલમ-૧૨ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભીતોડી પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય ખેલ દિવસની ઉજવણી કરાઈ

(પ્રતિનિધિ) સુખસર,તા.29 સુખસર તાલુકાના ભીતોડી પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય ખેલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.29 ઓગસ્ટ એટલે રાષ્ટ્રીય રમત દિવસ.સૌપ્રથમ આચાર્ય દ્વારા ખેલ દિવસ ક્યારે ઉજવવામાં આવે છે? કેમ ઉજવવામાં આવે છે?અને આપણે કેવી રીતે ઉજવવો જોઈએ તે વિશે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય ખેલ દિવસ એ મેજર ધ્યાનચંદનો જન્મદિવસ છે.પુરા દેશમાં તેમના જન્મ દિવસને ખેલ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.મેજર ધ્યાનચંદને હોકીનો જાદુગર પણ કહેવામાં આવે છે.કારણ કે તેમની આગેવાનીમાં ભારત ત્રણવાર હોકી માં ચેમ્પિયન બન્યું હતું.તેમણે સૌથી વધારે ગોલ કર્યા હતા તેથી તેમના જન્મદિવસને ખેલ દિવસ તરીકે ઉજવણી કરે છે.

૧૧,૧૩૦નો મુદ્દામાલ જપ્ત : બે ફરાર

કાલોલના ગધેડી ફળિયામાં જુગાર રમતા બે ઝડપાયા

(પ્રતિનિધિ) કાલોલ તા.29

કાલોલ શહેરમાં આવેલા ગધેડી ફળિયાની ખુલ્લી જગ્યામાં રાત્રિના સમયે જાહેરમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમી રહેલા ઈસમો પર પોલીસે દરોડો પાડી જુગારધામનો પર્દાફાશ કર્યો છે. કાલોલ પોલીસ સ્ટેશનના અનામ આર્મડ પોલીસ કોન્સ્ટેબલ સુરેશભાઈ ફરિયાદના આધારે પોલીસે ચાર ઈસમો સામે જુગાર અટકાયતી અધિનિયમની કલમ ૧૨ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો અનુસાર શુક્રવારે મોડી રાત્રે કાલોલ પોલીસ ટીમ ખાનગી વાહનમાં વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે બે પંચોને સાથે રાખી ગધેડી ફળિયામાં ખુલ્લી જગ્યામાં દરોડો પાડ્યો હતો. પોલીસની રેડ દરમિયાન જુગાર રમી રહેલા ઈસમોમાં ભાગદોડ મચી ગઈ હતી.

પોલીસે કોર્ડન કરીને સ્થળ પરથી બે ઈસમો (૧) વસંતભાઈ રયજીભાઈ (ઉં.વ. ૨૨, રહે. તળાવની પાળ પાસે, કાલોલ) અને (૨) અક્ષયભાઈ દીપકભાઈ સોલંકી (ઉં.વ. ૨૮, રહે. ભાગ્યોદય સોસાયટી, કાલોલ)ને ઝડપી પાડ્યા હતા. જ્યારે અન્ય બે આરોપીઓ (૩) આશિષભાઈ પ્રતાપભાઈ સોલંકી (રહે. ગધેડી ફળિયું, કાલોલ) અને (૪) પપ્પુભાઈ ભૂપતભાઈ સોલંકી (રહે. વૃંદાવન સોસાયટી, કાલોલ) અંધારાનો લાભ ઉઠાવી નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. દાવ પર લગાવેલા ૭,૧૪૦, પકડાયેલા આરોપીઓની અંગ ઝડતીમાં ૩,૯૯૦ તથા ગંજીપત્તાના પાના સહિત ૧૧,૧૩૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

સિંગવડ-સંજેલી-લીમખેડા તાલુકાની સરાહનીય કામગીરી

પેન્શનરની નિરાધાર દીકરીઓને ફેમિલી પેન્શન માટે રજૂઆત

(પ્રતિનિધિ) દાહોદ તા.29

કેન્દ્ર સરકારના ધોરણે ગુજરાતના પેન્શનરોની વિધવા, ત્યકતા અને નિરાધાર દીકરીઓને પણ આજીવન ફેમિલી પેન્શનનો લાભ મળે તે માટે ગુજરાત પ્રદેશ મહામંડળના આદેશ અનુસાર દાહોદ જિલ્લામાં અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. દાહોદ જિલ્લા નિવૃત્ત કર્મચારી એજ્યુકેશન ટ્રસ્ટ, દાહોદના પ્રમુખ રતનસિંહ રાઠોડ ના માર્ગદર્શન હેઠળ આજરોજ તા. ૨૯-૦૮-૨૦૨૬ ના રોજ ટીમ સિંગવડ, સંજેલી અને લીમખેડા તાલુકાના સંયુક્ત ઉપક્રમે કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં નિવૃત્ત કર્મચારી સેવા મંડળ સિંગવડ તાલુકા પ્રમુખ મનસુખભાઈ ચરપોટ અને સંજેલી તાલુકાના પ્રમુખ અમરસિંહભાઈ બામણીયા તથા ત્રણેય તાલુકાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. દાહોદ સાંસદ જસવંતસિંહ ભાભોર અને લીમખેડા ધારાસભ્ય શૈલેષભાઈ ભાભોર ને આપવામાં આવ્યું. હાલમાં કેન્દ્ર સરકાર દ્વારા કેન્દ્રના પેન્શનરના પરિવારમાં કોઈ વિધવા, ત્યકતા કે નિરાધાર બહેનો હોય તેમને કોઈ પણ ઉંમરના બાધ વગર ફેમિલી પેન્શનનો લાભ આપવામાં આવે છે. એ જ રીતે ગુજરાત સરકારના પેન્શનરોના પરિવારની વિધવા, ત્યકતા કે નિરાધાર બહેનોને પણ આ લાભ મળવો જોઈએ. જ્યારે પંજાબ હિમાચલ પ્રદેશ હરિયાણા અને દિલ્હી રાજ્યમાં આ પેન્શન સુવિધા ચાલુ હોય તે જ રીતના ગુજરાત સરકાર દ્વારા પણ કરવામાં આવે તેવી માંગ છે.

હાથીયાવનની પહાડીનું કટિંગ સૌથી મોટો પડકાર

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેનું દાહોદ પેકેજ-૨૬ ચાર વર્ષ પછી પણ અધૂરૂ

(પ્રતિનિધિ) દાહોદ તા.29

ભારતમાલા યોજના હેઠળના દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર દાહોદ જિલ્લાના મહત્વપૂર્ણ પેકેજ-૨૬નું કામ શરૂ થયાને ચાર વર્ષથી વધુ સમય વીતી ગયો હોવા છતાં કામગીરી હજુ પૂર્ણ થઈ નથી. મધ્યપ્રદેશ બોર્ડરથી લીમખેડા તાલુકાના ભાનપુરા સુધીના ૩૨.૦૭ કિમી લાંબા આ સેક્શનનું આશરે રૂ. ૨,૧૫૦ કરોડના ખર્ચે એટલાસ કન્સ્ટ્રક્શન કંપની દ્વારા નિર્માણ કરવામાં આવી રહ્યું છે. હાલ આ પેકેજનું આશરે ૭૮ ટકા કામ પૂર્ણ થયું છે, જ્યારે ૨૨ ટકા કામગીરી બાકી છે. ભૌગોલિક પરિસ્થિતિ, સ્થાનિક આદિવાસીઓના હક્કોને લઈને થયેલા વિરોધ અને વિવિધ વિવાદોના કારણે કામમાં વિલંબ થયો હોવાનું જાણવા મળે છે. મધ્યપ્રદેશ બોર્ડરથી આશરે ૧૨ કિમી દૂર આવેલા મીરાખેડી ઈન્ટરચેન્જ આસપાસના ગામોને

જોડતા એપ્રોચ બ્રિજનું કામ હજુ અધૂરું છે. આ ઉપરાંત કેશ બેરિયર, સીસીટીવી કેમેરા, સ્પીડ કંટ્રોલ કેમેરા, રેસ્ટ એરિયા અને સાઈન બોર્ડ જેવી સુવિધાઓની કામગીરી પણ બાકી છે. પેકેજ-૨૬માં મીરાખેડી ઈન્ટરચેન્જથી હાથીયાવનની પહાડી સુધીનો વિસ્તાર સૌથી પડકારજનક બની રહ્યો છે. અહીં છેલ્લા બે વર્ષથી પહાડી કટીંગનું કામ ચાલી રહ્યું છે. હિટાચી, હેવી બ્રેકર અને બ્લાસ્ટિંગની મદદથી ૧૦૦ ફૂટથી વધુ ઊંડાઈ સુધી પહાડી કાપીને એક્સપ્રેસવેનો માર્ગ તૈયાર કરવામાં આવી રહ્યો છે. આ કામગીરીને કારણે પ્રોજેક્ટ પૂર્ણ થવામાં વધુ સમય લાગી રહ્યો છે. પેકેજ-૨૬ને જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક હતો, પરંતુ ડેડલાઈન વીતી ગયા બાદ પણ કામ અધૂરું છે. વર્તમાન પ્રગતિ જોતા હજુ પાંચથી છ મહિના જેટલો સમય લાગી શકે તેવી શક્યતા છે. મધ્યપ્રદેશના ટીંબાવાની ઈન્ટરચેન્જથી ગુજરાત બોર્ડર સુધીના પેકેજ-૨૫નું કામ લગભગ બે વર્ષ અગાઉ ૧૦૦ ટકા પૂર્ણ થઈ ગયું છે. જોકે પેકેજ-૨૬ અધૂરું હોવાથી તેનો સંપૂર્ણ ઉપયોગ થઈ શકતો નથી. બીજી તરફ ભાનપુરાથી ગોધરા તરફના પેકેજ-૨૭ અને ૨૮ના આશરે ૪૦ કિમીના સેક્શનને વાહનવ્યવહાર માટે ખુલ્લો કરી દેવાયો છે.

ડ્રોપઆઉટ બાળકોને પુનઃ શિક્ષણ પ્રવાહમાં જોડવા મથી રહેલા મંત્રીના વિસ્તારમાં જ પ્રાથમિક શિક્ષણ બેહાલ

ફતેપુરાની ગલાલપુરા વર્ગ પ્રાથમિક શાળામાં એક શિક્ષક દારૂ પીને ફરજ પર આવતા હોવાનો આક્ષેપ

(પ્રતિનિધિ) દાહોદ તા.29

ફતેપુરા તાલુકાના ગલાલપુરાની પ્રાથમિક શાળામાં શિક્ષકોની અનિયમિત હાજરીથી લઈને નશાની હાલતમાં શાળાએ આવતા હોવાના ગંભીર આક્ષેપો વાલીઓ દ્વારા કરવામાં આવી રહ્યા છે. હાજરી વ્યવસ્થા અને એસએમસીની ગ્રાન્ટને લઈને પણ સવાલો ઊભા થયા ગ્રામજનોએ એક પછી એક આક્ષેપો કરી શિક્ષણ તંત્રને કઠેડામાં ઊભું કરી રિકાર દીધું છે. એક તરફ સરકાર ગુણવત્તા યુક્ત શિક્ષણના દાવા કરે છે. તો બીજી તરફ જો સરકારી શાળામાં જ આવી સ્થિતિ હોવાના આક્ષેપો થાય તો સવાલ સ્વાભાવિક છે કે, આખરે બાળકો ભણશે કેવી રીતે? શિક્ષણ માટે ફાળવતા નાણાં અને લાખોના પગારનો હેતુ જવાબદાર તંત્રની નજર ક્યાં છે? ગલાલપુરા ગામના ગ્રામજનોએ ફતેપુરા તાલુકા શિક્ષણાધિકારીને લેખિત રજૂઆત કરી શાળાના સમગ્ર સ્ટાફની તાત્કાલિક બદલી કરાવવાની માંગ કરી છે. ગ્રામ જનોનું કહેવું છે

કે શાળામાં શિક્ષણનું સ્તર નબળું હોવાને કારણે વિદ્યાર્થીઓના ભવિષ્યને માઠી અસર થઈ રહી છે. અને સમગ્ર મામલે સ્થળ પર તપાસ કરવામાં આવે તો અનેક ચોંકાવનારી હકીકતો સામે આવી શકે તેમ ગ્રામજનોની અરજીમાં શિક્ષકોની કામગીરી અને શાળાની વહીવટી વ્યવસ્થાને લઈને પણ ગંભીરાક્ષેપો કરવામાં આવ્યા છે. એક શિક્ષક ફરજ દરમિયાન દારૂના નશામાં શાળાએ આવતા હોવાનો અરજી માં ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. આ બાબતે તંત્ર દ્વારા સ્થળ તપાસ કરી સાચી હકીકત બહાર લાવવાની માંગ કરવામાં આવી છે. અરજીમાં અન્ય બે શિક્ષકો અંગે પણ ગ્રામજનોએ પ્રશ્નો ઉઠાવ્યા છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ આ શિક્ષકો દ્વારા તેમને આચાર્યની કામગીરી સોંપવામાં આવી હોવાનું કહેવામાં આવે છે. અને તેના કારણે બાળકોને ભણાવવા માટે પૂરતો શિક્ષકો શાળામાં અનિયમિત કરવામાં આવી છે. સાથે જે બંને મળતો હોવાની રજૂઆત આવતા હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. અરજીમાં શાળાની હાજરી શું છે. ? વ્યવસ્થાને લઈને પણ સવાલો ઉઠાવવામાં આવ્યા છે. ગ્રામજનોની અરજી મુજબ શાળામાં ફિંગર પ્રિન્ટ આધારિત હાજરી માટેનું કોમ્પ્યુટર જોવા મળતું નથી. આ ઉપરાંત આચાર્ય કે વર્ગ શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ ના વાલીઓ સાથે મુલાકાત કરવામાં આવી હોય તે ઍંગેનું વિઝીટ રજીસ્ટર પણ ઉપલબ્ધ ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

ઝાલોદ નગરમાં ચર્ચાનો વિષય બન્યો

શેરમાર્કેટમાં રોકાણની લાલચે રૂ.૧૦.૨૦ લાખની છેતરપિંડી

(પ્રતિનિધિ) દાહોદ તા.29

દાહોદ જિલ્લાના ઝાલોદ નગરમાં ઓનલાઈન ઠગાઈનો મામલો સામે આવ્યો છે જેમાં એક ૩૪ વર્ષિય યુવકને સોશીયલ મીડીયામા માધ્યમથી એક ઈસમે સંપર્કલ કરી શેરમાર્કેટમાં રોકાણ પર વધુ પ્રોફીટ આપવાની લાલચ આપી ઓનલાઈન મારફતે રૂપીયા ૧૦,૨૦,૦૦૦ ટ્રાન્સફર કરાવી પ્રોફીટ તેમજ મુળ રકમ પરત ન આપતાં આ સંબંધે ઝાલોદના યુવકે સાયબર ક્રાઈમ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવી હોવાનું જાણવા મળે છે. ઝાલોદ નગરમાં સંતરામપૂર રોડ પર આવેલ કુંજ વિહાર સોસાયટીમાં રહેતાં ૩૪ વર્ષિય પ્રિતમકુમાર કાંતુભાઈ સંગાડાને હાર્દિક દોશી નામક ઈસમે પોતાના સોશીયલ મીડીયાના વોટ્સએપ ગ્રુપમાં એડ કર્યાં હતાં. ત્યાર બાદ પ્રિતમકુમાર સંગાડાને અલગ અલગ મોબાઈલ નંબરથી કોલ કરી શેર માર્કેટમાં રોકાણ પર વધુ પ્રોફીટ આપવાની લાલચ પણ આપી હતી. આ દરમ્યાન ગત તારીખ ૧૮.૦૬.૨૦૨૯થી ૧૪.૦૭.૨૦૨૬ના સમયગાળા દરમ્યાન એક સોશીયલ મીડીયાની એપ્લીકેશનના મારફતે પ્રિતમકુમાર સંગાડાને ઓનલાઈન રૂપીયા ૧૦,૨૦,૦૦૦ ટ્રાન્સફર કરાવ્યાં હતાં અને જે બાદ પ્રોફીટમાં રૂપીયા ૧૨,૦૨,૪૪૩ બતાવતાં હતાં. આ પ્રોફીટ સાથેના નાણાં પરત મેળવવા માટે અવાર નવાર પ્રિતમકુમાર સંગાડાએ હાર્દિક દોશીનો સંપર્ક કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ સંપર્ક ના થતાં અંતે ફરિયાદ દાખલ કરી હતી.